ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

સ્પોર્ટસ લાઇન

મોઈસેસ હેનરિક ટી-20 વર્લ્ડકપ ક્વોલિફાયરમાં પોર્ટુગીઝ ટીમનું નેતૃત્વ કરશે

ઓસ્ટ્રેલિયા વતી ચાર ટેસ્ટ, 16 વન ડે અને 24 ટી-02 મેચ રમી ચૂકેલા હેનરિક મૂળ પોર્ટુગલનો છે



સિડની, તા. 11 : ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયા માટે ચાર ટેસ્ટ, 16 વનડે અને 24 ટી-20 મેચ રમી ચૂકેલો 39 વર્ષીય અનુભવી ઓલરાઉન્ડર મોઈસેસ હેનરિક હવે એક નવા દેશ સાથે નવી ઈન્ટરનેશનલ કેરિયર શરૂ કરી રહ્યો છે. હેનરિક હવે ઓસ્ટ્રેલિયા છોડીને પોતાના મૂળ વતન એવા પોર્ટુગલ વતી ઈન્ટરનેશનલ ક્રિકેટ રમશે અને તે આ અઠવાડિયે, 2028ના ટી-20 વર્લ્ડકપ માટેની ક્વોલિફાયરમાં પોર્ટુગીઝ રાષ્ટ્રીય ટીમનું નેતૃત્વ કરશે, પોર્ટુગલ પોતાના પહેલા ટી-20 વર્લ્ડકપમાં સ્થાન મેળવવાનું લક્ષ્ય ધરાવે છે. હેનરિકનો જન્મ પોર્ટુગીઝ ટાપુ મડેઇરા પર થયો હતો, જે દિગ્ગજ ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનું મૂળ વતન છે.

બાળપણમાં જ હેનરિકનો પરિવાર ઓસ્ટ્રેલિયામાં રહેવા આવ્યો હતો. ઓસ્ટ્રેલિયામાં તેણે ન્યૂ સાઉથ વેલ્સ અને સિડની સિક્સર્સ માટે લાંબી અને સફળ વ્યાવસાયિક કારકિર્દીનો આનંદ માણ્યો હતો, તેમજ ઓસ્ટ્રેલિયા માટે 44 ઈન્ટરનેશનલ મેચ રમી હતી. ગયા મહિને તેણે ઓસ્ટ્રેલિયાના સ્થાનિક ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી, જોકે તે વિદેશી ટી-20 લીગમાં રમવાનું ચાલુ રાખશે.

U-23 કોમનવેલ્થ ફેન્સિંગ : બીજા દિવસે ભારતે સાત મેડલ જીત્યા

સ્પર્ધાના પહેલા દિવસે ચાર ગોલ્ડ સહિત 17 મેડલ જીતનારા ભારતીય ફેન્સરે બે દિવસમાં કુલ 24 મેડલ જીત્યા.

નવી દિલ્હી, તા. 11 : ભારતીય ખેલાડીઓએ નાઈજીરીયામાં ચાલી રહેલી અંડર-23 કોમનવેલ્થ ફેન્સિંગ ચેમ્પિયનશિપમાં પોતાનું ઉત્તમ પ્રદર્શન ચાલુ રાખીને સ્પર્ધાના બીજા દિવસે વધુ સાત મેડલ જીત્યા. સ્પર્ધાના પહેલા દિવસે ભારતે પુરુષો અને મહિલાઓની વ્યક્તિગત ઈવેન્ટ્સમાં પ્રભુત્વ મેળવીને ચાર ગોલ્ડ સહિત કુલ 17 મેડલ જીત્યા હતા.

સોમવારે રાત્રે ભારતીય ખેલાડીઓએ સિનિયર વ્યક્તિગત મહિલા સેબર, મહિલા એપે અને પુરુષોની ફોઈલ ઈવેન્ટમાં એક ગોલ્ડ, બે સિલ્વર અને ચાર બ્રોન્ઝ મેડલ જીત્યા. સિનિયર મહિલા એપી ઈવેન્ટમાં, તનિષ્કા ખત્રીએ ગોલ્ડ મેડલ જીત્યો, જ્યારે તેની ટીમની સાથી ખુશી દાભાડેએ સિલ્વર મેડલ જીત્યો. પ્રાચી લોહાને ઓસ્ટ્રેલિયાની હેરિસન એશ્લે સાથે બ્રોન્ઝ મેડલ શેર કર્યો. ભારતે સિનિયર મહિલા સેબર વ્યક્તિગત ઈવેન્ટમાં પણ ત્રણ મેડલ જીત્યા.

વિરાટ કોહલીનો ઉત્સાહ અન્ય ખેલાડીઓને પ્રેરણા આપે છે : ટી દિલીપ

માજી ફિલ્ડીંગ કોચના મતે કોહલીનો ઉત્સાહ ઓછામાં ઓછા પાંચ ખેલાડીને તેમની મર્યાદાથી વિશેષ પ્રદર્શન કરવા પ્રેરે છે

નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ) : ભારતના માજી ફિલ્ડિંગ કોચ ટી દિલીપે જણાવ્યું હતું કે, ફિલ્ડિંગ કરતી વખતે વિરાટ કોહલીનો ઉત્સાહ અન્ય ખેલાડીઓ પર પણ સકારાત્મક અસર કરે છે અને તે ઓછામાં ઓછા પાંચ અન્ય ખેલાડીઓને તેમની મર્યાદાથી આગળ પ્રદર્શન કરવા માટે પ્રેરણા આપે છે. ભારતીય ટીમ સાથેનો લગભગ પાંચ વર્ષનો જેમનો કાર્યકાળ તાજેતરના ઈંગ્લેન્ડ પ્રવાસ પછી સમાપ્ત થયો હતો તે દિલીપે પ્રેક્ટિસ અને મેચ દરમિયાન કોહલીના ઉત્સાહ અને જુસ્સાને જાળવી રાખવા બદલ પ્રશંસા કરી. દિલીપે જીઓસ્ટારને કહ્યું કે જ્યારે વિરાટ કોહલીની વાત આવે છે, ત્યારે તેની ઉર્જા અજોડ છે. તમે તેને પાવરપ્લેમાં જોયો છે, તમે તેને બેટ્સમેન તરીકે રમતા જોયો છે. ભલે તે કવર પર હોય કે શોર્ટ મિડ-વિકેટ પર, તેની ચપળતા અને ડાઇવિંગ અજોડ છે. તે હંમેશા રમતમાં પોતાનું સર્વસ્વ આપે છે. તેની કારકિર્દીના આ તબક્કે પણ, તે ડેથ ઓવરોમાં એક છેડાથી બીજા છેડા સુધી દોડે છે. દિલીપે કહ્યું કે કોહલીના આ ઉત્સાહનો અન્ય ખેલાડીઓ પર પણ સકારાત્મક પ્રભાવ પડે છે.

અનુસંધાન ... પાના પહેલાનું

શરદ પવારની...

હતો. દિલ્હીના આ ભવ્ય રિસેપ્શનમાં અમિત શાહે નવદંપતી સાથે તસવીરો ખેંચાવી હતી, જેમાં રેવતી લાલ રંગની સુંદર સાડીમાં સજ્જ જોવા મળી હતી. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા પોતાના પરંપરાગત પોશાકમાં સજ્જ થઈને આવ્યા હતા. પ્રિયંકાની સાથે તેમની પુત્રી મિરાયા અને પુત્ર રાયહાન પણ ઉપસ્થિત રહ્યા હતા. મજેન્ટા રંગની સાડીમાં અદભુત દેખાતા સુપ્રિયા સુળે પણ ગાંધી પરિવાર સાથે જોડાયા હતા અને નવદંપતી સાથે પોઝ આપ્યો હતો. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, આરએસએસ વડા મોહન ભાગવત, લોકસભા સ્પીકર ઓમ બિરલા સહિત અનેક રાજકારણીઓ હાજર હતા. અગ્રે ઉલ્લેખનીય છે કે જૂન મહિનામાં રેવતીના મુંબઇમાં યોજાયેલ લગ્ન સમારંભમાં અમિતાભ, રણબીર કપૂર, ફરહાન અખ્તર જેવા અભિનેતાઓ હાજર હતા. મોદીએ પ્રિયંકાના હાલચાલ પૂછ્યા હતા.

મોદી જેની વાત...

કરતા જોવા મળ્યા હતા. આ વ્યક્તિ મહારાષ્ટ્રના ખેડૂત અને ઉદ્યોગસાહસિક મિથિલેશ દેસાઈ છે, જેમને 'ભારતના જેક્કૂટ કિંગ' તરીકે ઓળખવામાં આવે છે. વાતચીત દરમિયાન દેસાઈ મોદીને જેક્કૂટ અંગેના પોતાના પ્રયોગો અને અન્ય કૃષિ સંબંધિત કામ વિશે માહિતી આપી રહ્યા હતા અને મોદી તેને ધ્યાનથી સાંભળી રહ્યા હતા. રેવતી સુલેના સત્કાર સમારંભમાં મોદીને મળેલી તેમની મુલાકાત હવે સોશિયલ મીડિયા પર ચર્ચાઈ રહી છે. રત્નાગિરીના દેસાઈએ MPKV, રાહુરીમાંથી એગ્રીકલ્ચરલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે. થોડો સમય UPSCની તૈયારી કર્યા બાદ તેમણે ખેતીને કારકિર્દી બનાવવાનો નિર્ણય લીધો. દેસાઈ જેક્કૂટની ખેતી, સંશોધન, પ્રોસેસિંગ અને વ્યાવસાયિકીકરણ સાથે સંકળાયેલા છે. તેમણે વિશ્વની 86થી વધુ જાતોના જેક્કૂટ ઘરાવતા બગીચા વિકસાવ્યા છે. ઉપરાંત, જેક્કૂટના બીજ, પાન, છાલ સહિતના વિવિધ ભાગોમાંથી મૂલ્યવર્ધિત ઉત્પાદનો બનાવવાના પ્રયાસ કર્યા છે. તેઓ ખેડૂત ઉત્પાદક સંગઠન મારફતે ખેડૂતો સાથે પણ કામ કરે છે, જેથી પાક માટે વધુ સંગઠિત બજાર અને આવકના વિકલ્પો ઊભા કરી શકાય.

36 મિનિટમાં...

અત્યાર સુધી માત્ર 15 કલાક 36 મિનિટ કામ થયું છે. રાજ્યસભામાં 24 કલાક 21 મિનિટ કામ થયું હતું. વિપક્ષના સભ્યો શરૂઆતમાં બિલ પસાર થતાં સમયે સૂત્રોચ્ચાર કરતા રહ્યા હતા, પરંતુ સરકાર પાસે પૂરતું સંખ્યાબળ હોવાથી બિલ પસાર થતાં રહેતા તેમણે બાદમાં વોકઆઉટનો માર્ગ અપનાવ્યો હતો. આ સત્રની સૌથી મહત્વપૂર્ણ સિદ્ધિ જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિ રોકવા સંબંધિત સુધારા બિલનું પસાર થવું રહ્યું. આ બિલ પર લોકસભામાં 11 કલાક અને રાજ્યસભામાં 7 કલાક 14 મિનિટ ચર્ચા થઈ હતી. સત્ર દરમિયાન સૌથી વધુ અસર પ્રશ્નકાળ પર પડી છે. સમગ્ર સત્રમાં એક પણ વખત પ્રશ્નકાળ યોજાયો નથી. તેના કારણે સાંસદોને સરકારને સીધા પ્રશ્નો પૂછવાની તક મળી નથી. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ પણ આ અંગે અનેક વખત ચિંતા વ્યક્ત કરી છે.

લોકસભામાં ચર્ચા...

સરકારે સોમવારે વિવિધ રાજ્યોમાં વિદ્યાર્થી અને યુવા આંદોલન અંગે ચર્ચા અને અમિત શાહના જવાબની ઓફર કરી હતી, પરંતુ કોંગ્રેસે સ્પષ્ટ કર્યું કે શાહે માત્ર સામાન્ય મુદ્દાઓ પર જવાબ આપવો સ્વીકાર્ય નથી. વિપક્ષે 20 જુલાઈના વિરોધ દરમિયાન વિદ્યાર્થીઓ સામે કથિત પેલેટ ગનના ઉપયોગ અંગે સ્પષ્ટ જવાબની માગ કરી છે. અયોધ્યાના રામ મંદિરના દાનની કથિત ચોરી અંગે ચર્ચા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની માફીની માગ પણ કોંગ્રેસે કરી છે. સ્પીકર ઓમ બિરલાએ વારંવારની કાર્યવાહી ખોરવાવા અંગે દુઃખ વ્યક્ત કરીને સરકાર અને વિપક્ષને સમાધાનનો માર્ગ શોધવા અપીલ કરી હતી. અમિત શાહ ગૃહમાં ગેરહાજર રહ્યા. ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે કેરળનું નામ 'કેરલમ' કરવા અંગેનું બિલ રજૂ કર્યું, જે ધ્વનિમતથી પાસ થયું. ત્યારબાદ રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ સુધારા બિલ પણ ચર્ચા વિના મંજૂર થયું હતું. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી પસાર થયેલા 11 બિલમાંથી માત્ર 2 પર ચર્ચા થઈ છે. ચોમાસુ સત્ર 13 ઓગસ્ટે પૂર્ણ થવાનું છે.

સંસદ બહાર...

વિપક્ષ પર નિશાન સાધ્યું હતું. NDA સાંસદોએ આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દેશભરમાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર ચર્ચામાંથી 'ભાગી રહ્યા છે',બીજી તરફ, INDIA બ્લોકના સાંસદોએ 20 જુલાઈએ NEET પેપર લીકના વિરોધમાં થયેલા વિદ્યાર્થી આંદોલન દરમિયાન કથિત પોલીસ અત્યાચાર અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પાસે જવાબદારી લેવાની માગ કરી હતી. NDAના સાંસદો સંસદની લાઈબ્રેરીથી 'મકર દ્વાર' તરફ માર્ચ કરીને પહોંચ્યા હતા અને 'રાહુલ ગાંધી જવાબ દો' તથા 'રાહુલ ગાંધી ભાગો મત' જેવા સૂત્રો લગાવ્યા હતા. ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ આરોપ લગાવ્યો કે ઝારખંડમાં ભૂખ હડતાળ પર બેસેલા દેવેન્દ્ર નાથ મહતો સાથે મારપીટ કરવામાં આવી છે. ભાજપ સાંસદ કંગના રનૌતે પણ કહ્યું કે ઝારખંડમાં યુવાનો સામે કથિત અત્યાચાર થઈ રહ્યો છે અને પાણીનો મારો કરવામાં આવ્યો હતો તથા ટિયર ગેસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. દરમિયાન, કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રા અને સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ સહિત INDIA બ્લોકના સાંસદોએ અયોધ્યાના રામ મંદિરના દાનની કથિત ચોરી અને દિલ્હીમાં વિદ્યાર્થી વિરોધ દરમિયાન થયેલી કથિત પોલીસ કાર્યવાહીના મુદ્દે વિરોધ કર્યો હતો. ઝારખંડમાં ભરતી પરીક્ષામાં કથિત ગેરરીતિ સામે વિદ્યાર્થીઓનું આંદોલન સોમવારે ઉગ્ર બન્યું હતું. વિધાનસભા તરફ કૂચ કરી રહેલા હજારો ઉમેદવારોએ અનેક બેરિકેડ તોડી નાખતાં પોલીસે પાણીના ફુવારા અને લાઠીચાર્જનો ઉપયોગ કર્યો હતો. રાંચીમાં પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે અથડામણ પણ થઈ હતી.

એર ઇન્ડિયાની...

સાબિત થયું છે. આ ઘટનાવિકાસ પછી નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુ તથા વરિષ્ઠ અધિકારીઓ એર-ઇન્ડિયાના સીઈઓ તથા અન્ય અધિકારીઓને મળ્યા હતા તથા આ ઘટનાની ચર્ચા કરી હતી. બેઠક પછી નાયડુએ કહ્યું હતું કે ઉડ્ડયનમાં સલામતી એ સર્વોચ્ચ બાબત છે અને તેમાં કોઈ પણ બાજુએથી બાંધછોડ થવી નહીં જોઈએ. તપાસ પેન્ડિંગ હોવાથી બંને પાયલોટોને પહેલાથી જ ઉડ્ડયનની ફરજ પરથી હટાવી દેવામાં આવ્યા છે. જો કે, એરક્રાફ્ટ એક્સિડન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો એ ચેતવણી આપી છે કે જ્યાં સુધી તપાસ ચાલુ છે ત્યાં સુધી માહિતીના કોઈપણ એક અલગ ટુકડાના આધારે તારણો ન કાઢવા જોઈએ. બ્યુરોએ જણાવ્યું હતું કે તમામ ટેકનિકલ, ઓપરેશનલ, મેડિકલ અને માનવીય પરિબળોના પુરાવાઓની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે. AAIB એ જણાવ્યું હતું કે તપાસમાં વિમાન અને તેની સિસ્ટમોની તપાસ, ફ્લાઇટના રેકોર્ડ કરાયેલા ડેટા, સંબંધિત ઓપરેશનલ અને મેઇન્ટેનન રેકોર્ડ્સ, તબીબી માહિતી અને સંબંધિત વ્યક્તિઓની પૂછપરછનો સમાવેશ થાય છે.

દિલ્હી ડાયરી...

આશ્ચર્યજનક રીતે, સુપ્રિયા સુલેએ પોતાની પુત્રીના આ હાઇ-પ્રોફાઇલ લગ્ન રિસેપ્શનનું આયોજન કોઈ ફાઇવ-સ્ટાર હોટેલ કે હાઇ-એન્ડ બેન્ક્વેટ હોલમાં કરવાને બદલે પોતાના સત્તાવાર નિવાસસ્થાન, ૬ જનપથ ખાતે કર્યું હતું.

દિલ્હી સ્થિત વિદેશી રાજદૂતોનો બિલાડીપ્રેમ

ભારતમાં સિંગાપોરના હાઇ કમિશનર સિમોન વોંગ, જેમણે નવી દિલ્હીમાં સતત બે મુદત પૂરી કરી છે, તેઓ મુત્સદ્દીગીરી સિવાયના એક અલગ જ કારણસર સમાચારમાં છે. તેમણે તાજેતરમાં એક રખડતી બિલાડીના બચ્ચાને દત્તક લીધું છે જેનું નામ હવે 'કોપી' રાખવામાં આવ્યું છે, સિંગાપોરની પરંપરાગત સ્થાનિક કોફીના નામ પરથી તેનું નામ રાખવામાં આવ્યું છે. વાદળી આંખો ધરાવતી ડાર્ક બ્રાઉન રંગની બિલાડી કોપી આ સપ્તાહમાં જ સિંગાપોર હાઇ કમિશનના લોન પર તેમના દ્વારા ત્યજી દેવાયેલી હાલતમાં મળી આવી હતી.

સામાજિક ન્યાય સંસદીય સમિતિની સખત ભલામણો

સામાજિક ન્યાય અને સશક્તિકરણ અંગેની સંસદીય સ્ટેન્ડિંગ કમિટીએ વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિનું વિતરણ સુનિશ્ચિત કરવા માટે કડક પગલાં લેવાની માંગ કરી છે. ગઈ કાલે સંસદના બંને ગૃહોમાં રજૂ કરવામાં આવેલી સંસદીય પેનલની ભલામણો પર આધારિત અહેવાલમાં સૂચવવામાં આવ્યું છે કે, પેનલે અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટેની મફત કોચિંગ યોજનાનો લાભ લેવા માટેની રૂ. ૮ લાખની વાર્ષિક આવક મર્યાદામાં સુધારો કરવા પર મંત્રાલયે વિચારણા કરવી જોઈએ તેવી વાત પુનરાવર્તિત કરી છે.૨૫ ભલામણોમાંથી સરકારે ૧૪ ભલામણો સ્વીકારી હતી. પેનલે ચાર મુદ્દાઓ પર સરકારના જવાબને ફગાવી દીધો હતો અને તેના પર પોતાની ભલામણો પુનરાવર્તિત કરી હતી. આ મુદ્દાઓ શિષ્યવૃત્તિના વિતરણમાં વિલંબ, મફત કોચિંગ યોજના માટેના બજેટનો ઉપયોગ, મફત કોચિંગ યોજના માટે કુટુંબની આવકની મર્યાદા સુધારવા અને અત્યાચાર નિવારણ કાયદા હેઠળ ખાસ પોલીસ સ્ટેશનોની સ્થાપના કરવા સાથે સંબંધિત હતા. સંસદીય સમિતિ સરકાર સાથે અસહમત થાય તેવું ભાગ્યે જ બને છે. સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય સાથે સંબંધિત આ પેનલે પ્રવર્તમાન સંજોગોમાં કામ કરીને એક પ્રકારે નવો રેકોર્ડ બનાવ્યો છે.

ત્રણ સુન્ની મુસ્લિમ રાષ્ટ્રો વચ્ચેના મક્કા સંરક્ષણ કરાર પછી ભારતની ચિંતા વધી ગઈ છે

મુસ્લિમ નાટો તરીકે ઓળખાતા સાઉદી અરેબિયા, પાકિસ્તાન અને તુર્કી વચ્ચેના મક્કા સંરક્ષણ કરારની પાકિસ્તાનમાં ઉજવણી થઈ રહી છે, પણ તેને કારણે ભારતની ચિંતામાં વધારો થયો છે. પાકિસ્તાનીઓનો દાવો છે કે હવે જો ભારત પાકિસ્તાન પર હુમલો કરશે તો સાઉદી અરેબિયા અને તુર્કી ઇસ્લામાબાદને મદદ કરશે. આ સંરક્ષણ કરારમાં એવી શરત મૂકવામાં આવી છે કે એક દેશ પર હુમલો બીજા દેશ પર હુમલો માનવામાં આવશે. નિષ્ણાતો કહે છે કે તેમાં કોઈ શંકા નથી કે મક્કા સંરક્ષણ કરારથી પાકિસ્તાનની રાજદ્વારી સ્થિતિ નોંધપાત્ર રીતે મજબૂત થઈ છે અને ભવિષ્યમાં તેની લશ્કરી શક્તિમાં નોંધપાત્ર વધારો થશે. ભારત અને સાઉદી અરેબિયાના સંબંધો લાંબા સમયથી મજબૂત રહ્યા છે. હજારો ભારતીયો સાઉદી અરેબિયામાં કામ કરે છે. સાઉદી પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન ઘણી વખત ભારતની મુલાકાત લઈ ચૂક્યા છે. સાઉદી નિષ્ણાતો કહે છે કે પાકિસ્તાન સાથેના સંરક્ષણ કરારનો અર્થ એ નથી કે ઇસ્લામાબાદને ભારત સાથે ભવિષ્યમાં સંઘર્ષમાં જોડાવા માટે રિયાધ અથવા અંકારા તરફથી છૂટ મળી ગઈ છે.

મક્કા કરાર ત્રણેય સુન્ની રાષ્ટ્રોને એકબીજાની ખૂબ નજીક લાવશે, જેના પરિણામે ભારત વિરુદ્ધ પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથો આતંકવાદી હુમલાઓ માટે ભંડોળ એકત્ર કરવાના સંદર્ભમાં સાઉદી અરેબિયામાં તેમની પ્રવૃત્તિઓનો વિસ્તાર કરી શકે છે. ૧૯૯૦ ના દાયકામાં અફઘાનિસ્તાનમાં સાઉદી નાણાં મેળવવામાં પાકિસ્તાની ડીપ સ્ટેટ દ્વારા ભજવવામાં આવેલી ભૂમિકાને ભૂલવી ન જોઈએ. આ ભંડોળના કારણે જ અફઘાનિસ્તાનમાં અલ કાયદા અને ખોસ્ત, જલાલાબાદ અને કંદહારમાં લશ્કર-એ-તૈયબા જેવી આતંકવાદી શિબિરોનો ઉદય થયો હતો. ભારત વિરુદ્ધ આતંકવાદી હુમલાઓમાં તુર્કી સ્થિત કાર્યકરોની સંડોવણી ગંભીર ચિંતાનો વિષય છે કારણ કે આ પાકિસ્તાન સ્થિત સુન્ની આતંકવાદી જૂથો જેમ કે લશ્કર અને જૈશ-એ-મોહમ્મદ દ્વારા ભારતને નિશાન બનાવવા માટે વિખ્યાત છે. પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથો પ્રથમ દાયકામાં સાઉદી અરેબિયામાં ભંડોળ એકત્ર કરવા માટે જાણીતા છે. આનું ઉદાહરણ હૈદરાબાદમાં જન્મેલા મહમૂદ અહેમદ બહાઝિક છે, જે સાઉદી અરેબિયામાં પાકિસ્તાન સ્થિત લશ્કર માટે ભંડોળ એકત્ર કરતો હતો. આ તે સમયગાળો હતો જ્યારે પાકિસ્તાની ડીપ સ્ટેટે ભારતીય મુસ્લિમોનો ઉપયોગ કરીને ભારતના અંતરિયાળ વિસ્તારોમાં હુમલાઓ માટે કટ્ટરપંથી બનાવવા માટે સાઉદી અરેબિયા અને ગલ્ફમાં ભારતીય ડાયસ્પોરાનાં ઘણાં લોકોને ભરતી કર્યાં હતાં. ૨૦૦૨ નાં ગુજરાત રમખાણોના નામે ભારત વિરુદ્ધ હુમલાઓ માટે પાકિસ્તાન દ્વારા સાઉદી અરેબિયામાં અને ગલ્ફમાં ઘણા યુવાનોને આતંકવાદી જૂથોમાં ભરતી કરવામાં આવ્યા હતા.

ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે ૨૦૨૫ માં સ્થાપિત સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ કાઉન્સિલ દ્વારા સંરક્ષણ કરાર થયા છે. આ કરાર હેઠળ ભારતીય નૌકાદળ અને સેનાના અધિકારીઓએ સાઉદી અરેબિયા સાથે વાતચીત કરે છે. સાઉદી અરેબિયાના યુઝર બદૂરે સોશ્યલ મીડિયા પર આ દાવાને સીધો પડકાર ફેંક્યો કે મક્કા કરારને ભારત વિરુદ્ધ આક્રમક કરાર તરીકે જોવો જોઈએ. બદૂરે લખ્યું કે સાઉદી અરેબિયાની ભારત અને ગ્રીસ સાથે મજબૂત વ્યૂહાત્મક મિત્રતા છે. સાઉદી અરેબિયાએ ઉચ્ચ સ્તરીય રાજદ્વારી દ્વારા ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ ઓછો કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેણે પાછળથી યુદ્ધવિરામમાં ફાળો આપ્યો હતો. મક્કા સંરક્ષણ કરાર સંપૂર્ણપણે રક્ષણાત્મક સ્વભાવનો છે અને કોઈ પણ દેશ વિરુદ્ધ નિર્દેશિત નથી. તે ફક્ત ત્યારે જ અમલમાં આવશે જ્યારે ત્રણમાંથી કોઈ પણ દેશમાં દુશ્મન દ્વારા હુમલો કરવામાં આવશે. તેને સમગ્ર વિશ્વ દ્વારા માન્યતા આપવી જોઈએ. બદૂરનું નિવેદન દર્શાવે છે કે સાઉદી અરેબિયામાં આ કરારને ફક્ત ભારત વિરોધી કરાર તરીકે જોવામાં આવતો નથી.

સાઉદી અરેબિયા, પાકિસ્તાન અને તુર્કી વચ્ચે થયેલા મક્કા કરાર બાદ ઇઝરાયલ માને છે કે આ કરાર ભારત સાથેના તેના સંબંધોને વધુ મજબૂત બનાવશે. હકીકતમાં ગયા ગુરુવારે એક અણધારી ઘટના બની. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં લખ્યું હતું કે તેમને વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂનો ફોન આવ્યો હતો અને બંને નેતાઓએ પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિ પર ચર્ચા કરી હતી. અમે ભારત-ઇઝરાયલ સ્પેશ્યલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપનાં વિવિધ પાસાંઓ પર થયેલી પ્રગતિની સમીક્ષા કરી, જે સતત મજબૂત થઈ રહી છે. મોદીએ આ સંદેશ અંગ્રેજી અને હિબ્રુમાં પોસ્ટ કર્યો અને નેતન્યાહૂએ તેને ફરીથી પોસ્ટ કર્યો. મક્કા કરાર પછી એક વાત સ્પષ્ટ છે કે ભારત અને ઇઝરાયલ વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે.

કરાર પર હસ્તાક્ષર થયા પછી, જેની પુષ્ટિ પાકિસ્તાની વિદેશ મંત્રાલયે કરી હતી કે તેમાં નાટો જેવી કલમ-૫ નો સમાવેશ થાય છે, જેનો અર્થ એ થાય કે એક પર હુમલો બધા પર હુમલો માનવામાં આવશે. ધ વોલ સ્ટ્રીટ જર્નલે તે ક્ષણનું યોગ્ય રીતે વર્ણન કરતાં લખ્યું કે જ્યારે એક મહાસત્તા ડગમગી જાય છે, ત્યારે પ્રાદેશિક શક્તિઓ પોતાનો બચાવ કરવાનું શરૂ કરે છે. અમેરિકા ડગમગી રહ્યું છે અને મધ્ય પૂર્વીય દેશો પોતાની સુરક્ષા માટે નવી વ્યવસ્થા ઊભી કરી રહ્યા છે. તુર્કીના વિદેશ પ્રધાન હકાન ફિદાને રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગનના વિઝનને ટાંકીને કહ્યું કે જોડાણ ફક્ત ત્રણ દેશો સુધી મર્યાદિત ન રહેવું જોઈએ. આપણે મક્કા કરારનો વિકાસ કરવો જોઈએ અને જો જરૂરી હોય તો બધા મુસ્લિમ દેશોને આ છત્ર હેઠળ લાવવા જોઈએ. અત્યાર સુધી ઇજિપ્ત એક માત્ર એવો દેશ છે જેને સહી કરનાર દ્વારા જાહેરમાં આગામી સંભવિત સભ્ય તરીકે ઓળખવામાં આવ્યો છે. ફિદાને કૈરોને કુદરતી ભાગીદાર ગણાવ્યું અને કહ્યું કે તેમાં જોડાવા પહેલાં ફક્ત તકનીકી મુદ્દાઓ બાકી રહ્યા છે.ઇજિપ્ત આફ્રિકાનું સૌથી મજબૂત સૈન્ય અને વિશ્વનું ૧૯મું સૌથી શક્તિશાળી રાજ્ય છે. તે હજારો ટેન્કો અને એક શક્તિશાળી હવાઈ અને નૌકાદળના કાફલા દ્વારા સમર્થિત ૪.૪ લાખથી વધુ સક્રિય સૈનિકો ધરાવે છે. વિશ્લેષકો કહે છે કે ઇજિપ્ત જોડાણના રાજકીય અને લશ્કરી વજનમાં નોંધપાત્ર વધારો કરશે. ઇજિપ્ત ઉપરાંત, કતાર અને કુવૈતને ગલ્ફના સૌથી મજબૂત ઉમેદવારો તરીકે વ્યાપકપણે જોવામાં આવે છે. કતાર યુનિવર્સિટીના અલી બકીરે કતારને સૌથી કુદરતી ગલ્ફ પ્રવેશકર્તા ગણાવ્યો હતો. કતારના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હમાદ બિન જાસિમ અલ થાનીએ X પર એક પોસ્ટમાં આશા વ્યક્ત કરી હતી કે ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (GCC) ના બધા સભ્યો આખરે મક્કા સંયુક્ત સંરક્ષણ કરારમાં જોડાશે. GCC એ છ દેશોનું રાજકીય, આર્થિક અને સુરક્ષા જૂથ છે જેમાં સાઉદી અરેબિયા, UAE, કતાર, કુવૈત, બહેરીન અને ઓમાનનો સમાવેશ થાય છે. આ જૂથ હવે મક્કા કરારમાં જોડાઈ શકે છે.

મક્કા કરાર એ બદલાતી વિશ્વ વ્યવસ્થાનો મધ્ય પૂર્વનો જવાબ હોય તેવું લાગે છે, જ્યાં અમેરિકા આ પ્રદેશનો નિર્વિવાદ સુરક્ષા પ્રદાતા રહ્યો છે. મધ્ય પૂર્વમાં યુદ્ધ શરૂ થયું ત્યારથી ઈરાની હુમલાઓ અને અમેરિકાના વળતા હુમલા ચાલુ રહ્યા છે. આનાથી અમેરિકાના ગલ્ફના સાથીઓને પણ ખ્યાલ આવ્યો છે કે ભારે અમેરિકન લશ્કરી સમર્થન પણ આ પ્રદેશને યુદ્ધનાં પરિણામોથી સંપૂર્ણપણે બચાવી શકશે નહીં. અમેરિકા હવે તેના દ્વારા શરૂ કરાયેલા યુદ્ધમાંથી બહાર નીકળવાનો માર્ગ શોધી રહ્યું છે. મક્કા કરાર એ સંકેત આપતો કરાર છે કે પ્રદેશના દેશો હવે તેમની સુરક્ષા અને સલામતી માટે અમેરિકા અને તેનાં લશ્કરી થાણાંઓ પર આધાર રાખી શકતા નથી.

ભારતીય સેનાના પાયદળના ભૂતપૂર્વ ડિરેક્ટર જનરલ શશી અસ્થાને મોર્ડન ડિપ્લોમસીમાં લખ્યું છે કે આ કરાર સાઉદી અરેબિયાની વધતી જતી અસુરક્ષાને કારણે થયેલો વ્યૂહાત્મક સંરક્ષણ કરાર વધુ છે. ત્રણેય દેશો લશ્કરી અને રાજકીય શક્તિઓને એક કરી રહ્યા છે, કારણ કે તેઓ હવે અમેરિકાની વિશ્વસનીયતાને હળવાશથી લેતા નથી. અમેરિકા સ્થિત ન્યૂ લાઇન્સ ઇન્સ્ટિટ્યૂટના વિશ્લેષક ડેનિયા એફ અરેસીએ X ને કહ્યું કે મક્કા કરાર સામુહિક સુરક્ષા કરાર માટે આહ્વાન છે. તે સુન્ની કરાર કે ઈરાન વિરોધી કરાર નથી. તે પ્રદેશ માટે એક સામુહિક સુરક્ષા માળખું છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

મક્કા સંરક્ષણ કરાર એ સંકેત આપતો કરાર છે કે ગલ્ફના દેશો હવે તેમની સુરક્ષા અને સલામતી માટે અમેરિકા અને તેનાં લશ્કરી થાણાંઓ પર આધાર રાખી શકતાં નથી

ઓન લાઇન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર
જાહેર નિવિદા નં - ૦૧ (સુધારો) સને ૨૦૨૬-૨૭
ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્ય